Seat No. : ____________

# MA-13
## Gujarati Paper-III (Main)
### (Sahitya Swaroop)

**Time : 3 Hours]** **[Total Marks: 100**

૧. ‘ટૂંકી વાર્તા’ સંજ્ઞામાંના ‘ટૂંકી’ અને ‘વાર્તા’ એ બે શબ્દોને ધ્યાનમાં રાખી ટૂંકી વાર્તાનું સ્વરૂપ સ્પષ્ટ કરો. (૨૦)

**અથવા**

ટુચકાથી માંડીને લઘુનવલ સુધીના સાહિત્ય સ્વરૂપોને ધ્યાનમાં લઈ ટૂંકી વાર્તાને આ સ્વરૂપોથી કઈ રીતે અલગ તારવી શકાય ? ચર્ચા કરો.

૨. ‘ગુજરાતી વાર્તાનું એક સદ્‌ભાગ્ય છે કે એને સમયે સમયે જુદી જુદી શૈલીથી સમૃદ્ધ કરનારા વાર્તાકારો મળતા રહ્યા છે.’ – આ વિધાનને ધ્યાનમાં રાખી ગુજરાતી ટૂંકી વાર્તાના સ્થિત્યંતરો જણાવો. (૨૦)

**અથવા**

“ઉમાશંકર જોશી અને સુરેશ જોશી - આ બન્ને વાર્તાકારોએ ગુજરાતી ટૂંકી વાર્તાના સ્વરૂપને પોતપોતાની રીતે સમૃદ્ધ કર્યું છે.” બન્ને વાર્તાકારોના વાર્તાસર્જનને લક્ષમાં રાખી આ વિધાનની ચર્ચા કરો.

૩. ‘દ્વિરેફની વાતો’ ભાગ-૧ સંગ્રહની પ્રથમ વાર્તા ‘એક પ્રશ્ન’થી શરૂ કરી સંગ્રહની છેલ્લી વાર્તા ‘ખેમી’ વાસ્તવમાં તો દ્વિરેફની વાર્તાકળાનો વિકાસ જ સૂચવે છે. – આ વિધાનની સાધકબાધક ચર્ચા કરો. (૨૦)

**અથવા**

‘જયંત ખત્રીની વાર્તાઓ’ની સમગ્ર વાર્તાઓને ધ્યાનમાં રાખી વાર્તામાં વાતાવરણ, સ્થળકાળનો એમણે કેવો કળાત્મક ઉપયોગ કર્યો છે તેની ચર્ચા કરો.

૪. “હિમાંશી શેલતની વાર્તાસૃષ્ટિ’માં પ્રમાણમાં સમ્પન્ન તથા કેળવણી પામેલા લોકોની સંવેદનાને વાચા મળી છે, તો ઉપેક્ષિત પીડિતોની વેદના પણ ઉજાગર થઈ છે.” આ વિધાનને તપાસો. (૨૦)

**અથવા**

‘ચેખાવેની વાર્તાઓ’ સંગ્રહની સમગ્રલક્ષી સમીક્ષા કરો.

૫. નોંધ લખો (ગમે તે **બે**) : (૨૦)

(૧) ‘સરકારી નોકરીની સફળતાનો ભેદ’ની વાર્તાશૈલી

(૨) જયંત ખત્રીની વાર્તાઓનું વસ્તુવૈવિધ્ય

(૩) મનોવૈજ્ઞાનિક રીતિની વાર્તા – ‘સુવર્ણ ફળ’

(૪) ‘કાચંડો’ વાર્તાની રસલક્ષી સમીક્ષા